# 7 કરોડના કોપરના સ્ક્રેપને બદલે કન્ટેનરમાં પથ્થર આવ્યા

**દુબઇમાં** મિટિંગ કરી ઝિમ્બાબ્વેથી 100 ટન કોપર મોકલવાનું નક્કી કરાયું હતું

**વરાછાના** વેપારીની પત્નીએ કરેલી ફરિયાદના આધારે પોલીસે સાત સામે ગુનો નોંધ્યો

સુરત : વરાછા વિસ્તારના એક સ્ક્રેપ વેપારી સાથે ઝિમ્બાબ્વે અને ઉત્તર પ્રદેશના ઠગબાજોએ મળીને રૂ. 7.09 કરોડની મહાઠગાઈ આચરી હોવાની ઘટના સામે આવી છે. કોપર સ્ક્રેપના સોદામાં કન્ટેનરમાંથી અસલી માલ સગેવગે કરી ઠગ ટોળકીએ વેપારીને પથ્થર અને ધૂળ ભરેલા બોક્સ પધરાવી દીધા હતા. આ મામલે વરાછા પોલીસ મથકમાં ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

સરથાણાના રિવર પેલેસ એપાર્ટમેન્ટમાં રહેતા અને વરાછામાં મધુર કોર્પોરેશન નામે ઓફિસ ધરાવતા પ્રકાશભાઈ કથીરિયા સ્ક્રેપનો ધંધો કરે છે. વર્ષ 2025માં તેઓ ગાંધીધામના દલાલ રોહિત વિરેન્દ્રસિંહ યાદવના સંપર્કમાં આવ્યા હતા. રોહિતે ઝિમ્બાબ્વેમાં સ્થાયી થયેલા જામનગરના દીપક મોડ અને કૃણાલ મોડ સાથે મળીને પ્રકાશભાઈને મોટી કમાણીની લાલચ આપી હતી. વિશ્વાસ કેળવવા માટે ઠગબાજોએ દુબઈ ખાતે એક હાઈ-પ્રોફાઈલ મિટિંગ ગોઠવી હતી, જ્યાં 100 ટન કોપર સ્ક્રેપનો સોદો ફાઈનલ કરવામાં આવ્યો હતો. વેપારીએ વિશ્વાસમાં આવીને અલગ-અલગ સમયે કુલ રૂ. 7.09 કરોડ ચૂકવી દીધા હતા. પેમેન્ટ મળ્યા બાદ ઠગબાજોએ માલ રવાના કર્યો હોવાનું જણાવ્યું હતું. જોકે, જ્યારે કન્ટેનર મુંદ્રા અને અબુધાબી પોર્ટ પર પહોંચ્યા ત્યારે તપાસ કરતા વેપારીના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. કન્ટેનરમાં મોંઘાદાટ કોપર સ્ક્રેપને બદલે રસ્તા પરના પથ્થરો અને માટી ભરેલી હતી. વેપારીએ જ્યારે પોતાના રૂપિયા પરત માંગ્યા ત્યારે આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આખરે આ મામલે ભોગ બનનાર વેપારીના પત્ની ગીતાબેને વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે રોહિત યાદવ, દીપક મોડ, કૃણાલ મોડ અને ફરજાન મિર્ઝા વિરુદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. આંતરરાષ્ટ્રીય કનેક્શન હોવાથી પોલીસે તપાસનો વ્યાપ વધાર્યો છે.

# સુરતનાં પ્રભારી સચિવ તરીકે શાલિની અગ્રવાલની નિમણૂક

**રાજ્ય** સરકારે ચૂંટણી પૂર્વે વહીવટી તંત્રમાં કર્યો મોટો ફેરફાર

સુરત : રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓની જાહેરાત પૂર્વે વહીવટી તંત્રમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે, જેમાં ખાસ કરીને વિવિધ જિલ્લાઓના પ્રભારી સચિવોની જવાબદારીઓમાં ફેરબદલ કરવામાં આવી છે. રાજ્ય સરકારે બઢતી, બદલી અને અન્ય વહીવટી કારણોસર નવા ઓર્ડર જાહેર કર્યા છે, જે અંતર્ગત સુરત મહાનગરપાલિકાના પુર્વ કમિશનર શાલિની અગ્રવાલને સુરત શહેર અને જિલ્લાના પ્રભારી સચિવ તરીકેની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. શાલિની અગ્રવાલ હાલમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમના વહીવટી નિયામક તેમજ વિવિધ વીજ કંપનીઓના ચેરપર્સન તરીકે કાર્યરત છે. અનેક સિનિયર સનદી અધિકારીઓની ઉપલબ્ધતા છતાં, સુરતની ભૌગોલિક સ્થિતિ અને વહીવટી વિશેષતાઓથી સુપેરે માહિતગાર હોવાને કારણે સરકાર દ્વારા તેમની પસંદગી કરવામાં આવતા વહીવટી આલમમાં આશ્ચર્ય સાથે ચર્ચા જાગી છે.

આ નિમણૂક પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય વહીવટી તંત્ર, ચૂંટાયેલી પાંખ અને સરકાર વચ્ચે મજબૂત સેતુ સ્થાપિત કરવાનો છે.

NATA
ENTRANCE EXAM PREPARATION 2025-26
10th To 12th & DIPLOMA
ARCHITECT
INTERIOR
JEE-2
NID
FINE ARTS
GAJENDRA MAJITHIA
New citylight
91-98251-47447

# RTOની લિંક મોકલી ઠગોએ યુવકનું ખાતું સાફ કરી નાંખ્યું

**સિંગણપોરના** યુવકના મોબાઈલમાં APK ફાઈલ મોકલી હેકર્સનું એક્સેસ, બે અલગ બેંક ખાતામાંથી 1.06 લાખની તફડંચી

સુરત : શહેરમાં સાયબર માફિયાઓ રોજ નવા નુસખા અજમાવી નિર્દોષ નાગરિકોને શિકાર બનાવી રહ્યા છે. સિંગણપોર વિસ્તારમાં રહેતા એક યુવકને ટ્રાફિક ચલણ ભરવાના બહાને વોટ્સએપ પર એક શંકાસ્પદ ફાઈલ મોકલી, તેનો મોબાઈલ હેક કરી ગણતરીની મીનિટોમાં જ રૂપિયા 1.06 લાખની ઓનલાઈન ઠગાઈ આચરવામાં આવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે સિંગણપોર પોલીસે અજાણ્યા ભેજાબાજ વિરુદ્ધ ગુનો નોંધી ટેક્નિકલ સર્વેલન્સના આધારે તપાસ શરૂ કરી છે.

સિંગણપોર ખાતે રહેતા 33 વર્ષીય અક્ષયભાઇ રસિકભાઇ ભુવા ગત 22 ફેબ્રુઆરીના રોજ પોતાના કામમાં વ્યસ્ત હતા, ત્યારે તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો. આ મેસેજમાં 'RTO ચલાન' લખેલી એક APK ફાઈલ હતી. અક્ષયભાઈએ જેવી આ ફાઈલ પર ક્લિક કરી કે તરત જ આરોપીએ તેમના મોબાઈલનું રિમોટ એક્સેસ મેળવી લીધું હતું. મોબાઈલ હેક થતાની સાથે જ ઠગે તેમની બેંક વિગતો મેળવી લીધી હતી.

મોબાઈલ પર પકડ જમાવ્યા બાદ સાયબર ગઠિયાએ અક્ષયભાઈના એક્સિસ બેંકના ખાતામાંથી રૂપિયા 6,500 અને બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂપિયા 99,500 મળી કુલ રૂપિયા 1,06,000 સેરવી લીધા હતા. મોબાઈલ પર મેસેજ આવતા જ અક્ષયભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. તેમણે તુરંત પોલીસનો સંપર્ક કરી અરજી આપી હતી, જેના આધારે ગત રાત્રે વિધિવત ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ કેસની તપાસ કરી રહેલા પોલીસ ઇન્સ્પેક્ટર વાય. બી. ગોહીલે જણાવ્યું હતું કે, સાયબર ઠગો હવે સરકારી વિભાગોના નામે બોગસ ફાઈલો મોકલી રહ્યા છે. કોઈપણ અજાણ્યા નંબર પરથી આવતી APK (એન્ડ્રોઈડ પેકેજ કિટ) ફાઈલ ક્યારેય ડાઉનલોડ કરવી જોઈએ નહીં, કારણકે તે તમારા મોબાઈલનો સંપૂર્ણ ડેટા અને બેંકિંગ એક્સેસ ચોરી શકે છે. હાલમાં જે એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર થયા છે તેની વિગતો મેળવવા તજવીજ હાથ ધરાઈ છે.

# લક્ઝુરિયસ બિલ્ડિંગમાં પણ લિફ્ટ ભગવાન ભરોસે

**વેસુમાં** બિલ્ડિંગમાં લિફ્ટ ખોટકાતાં બે મહિલા ફસાઈ

સુરતઃ વેસુ રોડ સ્થિત જયનીમ રેસિડન્સી નામનું હાઈરાઈઝ બિલ્ડિંગ આવેલું છે. તેમાં રહેતાં 35 વર્ષીય દિવ્યાબેન ગ્રોવર અને સ્વાતિ ગ્રોવર શુક્રવારે મોડી રાત્રે લિફ્ટમાં ફસાયાં હતાં. પરંતુ લિફ્ટ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર પહોંચે એ પહેલાં તેમાં ટેક્નિકલ ખામી સર્જાતાં પહેલા માળ અને ગ્રાઉન્ડ ફ્લોરની વચ્ચે અટકી પડી હતી. અંધકાર અને ગૂંગળામણની સ્થિતિને કારણે બંને મહિલા ખૂબ જ ડરી ગઈ હતી અને તેઓએ બૂમાબૂમ કરી દેતા સિક્યોરિટી ગાર્ડ અન્ય રહીશો પણ મદદે દોડી આવ્યા હતા. બાદમાં ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતાં સબ ઓફિસર કિશોર પટેલના જણાવ્યા મુજબ અંદાજે અડધા કલાકની જહેમત બાદ બંને મહિલાને સુરક્ષિત બહાર કાઢવામાં આવી હતી. વધુમાં ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, લિફ્ટમાં મેઈન્ટેનન્સનો અભાવ હતો અને બેટરી બેકઅપ પણ શરૂ થયો ન હતો તેથી લિફ્ટ ઈમરજન્સીમાં પણ ઉઘડી ન હતી. બીજી તરફ એલાર્મ ન વાગતાં બિલ્ડિંગમાં તૈનાત સિક્યોરિટીને પણ મોડેથી જાણ થઈ હતી. જેના કારણે બચાવ કામગીરીમાં પણ ખાસ્સો સમય વેડફાઈ ગયો હતો.

# અર્થ અવરમાં મનપામાં જ લાઈટ ચાલુ

**મુખ્ય** કચેરીમાં મનપાની અપીલનો અમલ નહીં કરાયો



સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા 28 માર્ચ શનિવારે વૈશ્વિક પર્યાવરણ અભિયાન ''અર્થ અવર'' અંતર્ગત શહેરના નાગરિકોને રાત્રે 8:30થી 9:30 કલાક દરમિયાન અનાવશ્યક લાઈટ્સ બંધ રાખવાની જાહેર અપીલ કરવામાં આવી હતી. વર્લ્ડ વાઈલ્ડ ફંડ ફોર નેચર (WWF) દ્વારા શરૂ કરાયેલા આ અભિયાનનો હેતુ ઊર્જા બચત અને ગ્લોબલ વોર્મિંગ સામે જાગૃતિ લાવવાનો હતો. મનપાએ ઉદ્યોગો, વેપારીઓ અને સામાન્ય જનતાને આ પ્રતિકાત્મક પગલામાં સહભાગી થઈ કાર્બન ઉત્સર્જન ઘટાડવા અનુરોધ કર્યો હતો. તંત્રએ એવો દાવો પણ કર્યો હતો કે, મનપાની તમામ કચેરીઓ, જાહેર ઈમારતો અને હેરિટેજ મિલકતોમાં પણ આ સમયગાળા દરમિયાન વીજળી બંધ રાખીને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યેની જવાબદારી નિભાવવામાં આવશે. જો કે, પર્યાવરણ જાગૃતિના આ ઉપદેશો વચ્ચે સુરત મહાનગરપાલિકાનાં બેવડાં ધોરણો સામે આવ્યાં હતાં. એક તરફ જનતાને અંધારામાં રહેવાની સલાહ આપનાર મનપાની પોતાની મુખ્ય કચેરીમાં જ નિર્ધારિત સમયે લાઈટ્સ ઝળહળતી જોવા મળી હતી.

મનપાની મુખ્ય કચેરીમાં અંદર લાઈટ્સ ચાલુ હતી અને મનપાની મુખ્ય કચેરીના બાજુમાં આવેલા મલ્ટિલેવલ પાર્કિંગમાં પણ રાત્રે 8:30થી 9:30 દરમિયાન લાઈટ્સ ચાલુ રહી હતી. એટલું જ નહીં, શહેરના વિવિધ માર્ગો પર મનપા દ્વારા સંચાલિત સ્ટ્રીટલાઈટ્સ પણ સતત ચાલુ રહી હતી, જે જોતાં એવું પ્રતીત થતું હતું કે તંત્રએ પોતાની જ જાહેર અપીલનો સરેઆમ અનાદર કર્યો છે. શિસ્ત અને નિયમોની વાતો કરતું વહીવટી તંત્ર જ્યારે પોતે જ અમલ કરવામાં નિષ્ફળ રહે છે, ત્યારે આવા દેખાડાના અભિયાનોની ગંભીરતા સામે અનેક પ્રશ્નાર્થ સર્જાયા છે.

# ૧.૬૨ લાખના ગાંજા સાથે સગીરની ધરપકડ

**ભેદવાડ** ખાડી નજીક ધાબા પરથી ૩.૧ કિલો નશીલા દ્રવ્યો મળ્યા

સુરત : પાંડેસરા ન્યુ બમરોલી રોડ, ભેદવાડ ખાડી પાસે આવેલી જય અંબે ગ્રુપ કો.ઓપરેટીવ હાઉસિંગ સોસાયટીના ગેટ નંબર-૫ પાસે નશીલા પદાર્થનું વેચાણ થઈ રહ્યું હોવાની બાતમીના આધારે પોલીસે પ્લોટ નંબર- બી/૯૩૬ ના પહેલા માળે ખુલ્લા ધાબા પર રેડ કરી હતી. જ્યાં કાયદાના સંઘર્ષમાં આવેલા ૧૬ વર્ષ અને ૧૧ માસના સગીરની અટકાયત કરવામાં આવી હતી. પોલીસ તપાસ દરમિયાન સગીરના કબ્જામાં રહેલી ટુરીસ્ટ બેગમાંથી ગેરકાયદે કેનાબીઝ (ગાંજા)ના સક્રિય ઘટકો ધરાવતો કુલ ૩૧૭૫.૫ ગ્રામ જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થાની બજાર કિંમત અંદાજે રૂપિયા ૧,૫૮,૭૭૫ આંકવામાં આવી છે. પોલીસે ગાંજાનો જથ્થો ૩૧૭૫.૫ ગ્રામ (કિંમત રૂપિયા ૧,૫૮,૭૭૫), રોકડ રકમ રૂપિયા ૯૨૦ મોબાઈલ ફોન ૧ નંગ (કિંમત રૂપિયા ૩૦૦૦) અન્ય સાધનો ટુરીસ્ટ બેગ તથા પ્લાસ્ટિકનો ડબ્બો ઉપરાંત અન્ય ચીજવસ્તુઓ પણ જપ્ત કરી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે, આ ગાંજાનો જથ્થો મારુતિનગર, પાંડેસરા ખાતે રહેતા સુમિત ધર્મરાજ ચૌહાણે પૂરો પાડ્યો હતો. આરોપી સુમિતે સગીરને આ માલ વેચાણ કરવા માટે આપ્યો હોવાનું ખુલતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે. હાલમાં ક્રાઈમ બ્રાંચે સગીરને તેના પિતાની હાજરીમાં ડિટેઈન કરી કુલ રૂપિયા ૧,૬૨,૮૯૫ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.



સત્યમેવ જયતે
નાગરિક ઉડ્ડયન મંત્રાલય
ભારત સરકાર

સર્વસમાવેશકતાને પ્રોત્સાહન આપીને અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધારીને ઉડ્ડયન ક્ષેત્રને મજબૂત બનાવવું

શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડા પ્રધાનના
સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ હેઠળ



"છેલ્લા દાયકામાં ભારતનું ઉડ્ડયન ક્ષેત્ર ઐતિહાસિક પરિવર્તનમાંથી પસાર થયું છે, જે એક વિશિષ્ટ ક્લબમાંથી વિકસીને વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્થાનિક ઉડ્ડયન બજાર બની ગયું છે."
શ્રી નરેન્દ્ર મોદી
વડા પ્રધાન

ઉદ્ઘાટન/લોકાર્પણ

વિવિધ એરપોર્ટ પર ઉડાન યાત્રી કેફે, મુસાફરોની સુવિધાઓ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન કાર્યો

શ્રી રામમોહન નાયડુ કિંજરાપુ
કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી દ્વારા

રવિવાર, 29 માર્ચ, 2026 | સવારે 10:30 | રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ, ગુજરાત

ઉડાન યાત્રી કેફેઃ સસ્તા નાસ્તાના વિકલ્પો પ્રદાન કરે છે - ચંદીગઢ, અમૃતસર, રાજકોટ, જમ્મુ, વારાણસી, પટણા, ઇન્દોર, ગ્વાલિયર, જયપુર, અગરતલા અને લખનઉ.

ડીજી યાત્રાઃ એરપોર્ટ પર સંપર્ક રહિત અને સીમલેસ પરિવહન - ચંદીગઢ, દેહરાદૂન, જમ્મુ, શ્રીનગર, અગરતલા, ઇમ્ફાલ, ભોપાલ અને અમૃતસર.

કિડ્સ ઝોનઃ બાળકો માટે ઇન્ટરેક્ટિવ પ્લે એરિયા - ચંદીગઢ, આદમપુર, ભટિંડા, ખજુરાહો, જમ્મુ, દેહરાદૂન, અમૃતસર, ઇમ્ફાલ, ગ્વાલિયર અને અગરતલા.

ફ્લાયબ્રેરીઃ મુસાફરી દરમિયાન વાંચનનો આનંદ - ચંદીગઢ, આદમપુર, અમૃતસર, બરેલી, હિંડન, જમ્મુ, ખજુરાહો, પ્રયાગરાજ, શ્રીનગર, ઇમ્ફાલ, ઇન્દોર, અગરતલા, જામનગર, દેહરાદૂન, કુલ્લુ અને કિશનગઢ.

અવસરઃ સ્થાનિક કારીગરોને તેમના ઉત્પાદનો પ્રદર્શિત કરીને સશક્ત બનાવવા - ચંદીગઢ, જમ્મુ, ખજુરાહો, કુલ્લુ (ભુંતર), વારાણસી, ઇમ્ફાલ, ઇન્દોર, ગ્વાલિયર, જબલપુર, અગરતલા અને જામનગર.

ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશનઃ એરપોર્ટની કાર્યકારી કાર્યક્ષમતામાં વધારો - જોધપુર, શ્રીનગર, ભુવનેશ્વર, દરભંગા, ઝારસુગુડા, ઇમ્ફાલ, ઇન્દોર અને ભોપાલ.

વાઇ-ફાઇઃ મુસાફરી દરમિયાન જોડાયેલા રહેવું - આદમપુર, અગરતલા, આગ્રા, અલીગઢ, અમૃતસર, અયોધ્યા, આઝમગઢ, બરેલી, ભુવનેશ્વર, બીકાનેર, ચંદીગઢ, ચિત્રકૂટ, દરભંગા, દેહરાદૂન, દેવઘર, દિમાપુર, ગયા, ગોરખપુર, હિંડન, હિસાર, હોલોંગી, ઇમ્ફાલ, ઇન્દોર, જેસલમેર, જમ્મુ, ઝારસુગુડા, જોધપુર, કાંગડા (ગગ્ગલ), કાનપુર (ચકેરી), ખજુરાહો, કિશનગઢ, કુલ્લુ (ભુંતર), કુશીનગર, લેહ, લુધિયાણા, મુરાદાબાદ, પાક્યોંગ, પંત નગર, પઠાણકોટ, પટણા, પોર્ટ બ્લેયર, પ્રયાગરાજ, પૂર્ણિયા, રાયપુર, શિલોંગ, શિમલા, શ્રીનગર, તેઝુ, ઉદયપુર અને વારાણસી.

CBC 03111/13/0020/2526














@AAI_Official @AirportsAuthorityOfIndiaOfficial @aaiofficial @airportsauthorityofindia @AirportsAuthorityofIndia